

## જાન્યુઆરી -દિન વિશેષ

### મહાદેવભાઇ દેસાઇ




ગાંધીજીના મિત્ર અને અંતેવાસી મહાદેવભાઈ દેસાઈનો જન્મ તા.૧/૧/૧૮૯૨ના રોજ સરસજિ. સુરત)માં થયો હતો. તેમનું મૂળ વતન દિહેણ હતું. તેમનું ઉપનામ 'ત્રિલોચન' હતું. પિતાનું નામ હરિભાઈ જેઓ પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. માતાનું નામ જમનાબેન હતું. ઈ.સ.૧૯૧૦માં મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં. બી.એ. થયા. ઈ.સ.૧૯૩૦માં એલએલ. બી. થયા. ઈ.સ.૧૯૧૫માંમહાદેવભાઇની ગાંધીજી સાથે મુલાકાત થઇ અને આ મુલાકાત તેમની કાયમી થઇ ગઈ. ગાંધીજીની રોજનીશી ' મહાદેવભાઈની ડાયરી' ગ્રંથશ્રેણી મારફતે રાષ્ટ્રપિતાની જીવનચર્યાનો મૂલ્યવાન દસ્તાવેજ આપ્યો. ઈ.સ. ૧૯૨૩માં ' યંગ ઈન્ડીયા' અને ' નવજીવન'પત્રોની સંપૂર્ણ જવાબદારી ગાંધીજીએ તેમણે આપી હતી. મહાદેવભાઇ દેસાઈ કોઈપણ  રાષ્ટ્ર અને સમગ્ર માનવકુળજેમને માટે ગૌરવ લઇ શકે તેવા ગુણોના ભંડારસમા તેઓ એક ઉદ્દાત માનવી હતા. અમદાવાદમાં વકીલાતનો આરંભ કરેલો પણ સફળ ન થતાં સરકારી ખાતામાં જોડાયેલા. મહાદેવભાઇ દેસાઈ  તાગીર કૃત ' પ્રાચીન સાહિત્ય ' અને ' ચિત્રાંગદા' નાટકનો તેમજ શરદબાબુ ની ' વિરાજવહુ' વાર્તાનું ભાષાંતર કર્યું.ઈ.સ. ૧૯૫૫માં' મહાદેવભાઇ ડાયરી' રોજનીશી માટે સાહિત્ય અકાદમી દિલ્લીનું પારિતોષિક એનાયત થયું. ઈ.સ. ૧૯૪૨માં ' હિંદ છોડો' ચળવળ વખતે ગાંધીજી સાથે મહાદેવભાઇ ની ધરપકડ થઇ. તેમને આગાખાન મહેલમાં રાખવામાં આવેલા પરંતુ એ જ અઠવાડિયા પછી ૧૫મી ઓગસ્ટ ૧૯૪૨ના રોજ કારાવાસમાં હૃદય બંધ પડવાથી પૂના ખાતે અવસાન થયું. સાહિત્ય અકાદમીનો ઈ.સ. ૧૯૫૫નો પુરસ્કાર એનાયત થયો.

### સમાજસુધારક સાવિત્રીબાઈ ફૂલે



ભારતીય સમાજ સુધારક, શિક્ષણવિદ્દ અને ભારતના પ્રથમ મહિલા શિક્ષક સાવિત્રીબાઈ ફૂલેનો જન્મ ત્રીજી જાન્યુઆરી ૧૮૩૧ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના સતારા જિલ્લાના નાયગાવના રોજ થયો હતો. પિતાનું નામ ખાંડોજી નેવેશ પાટિલ અને માતાનું નામ લક્ષ્મી હતું. માતાપિતા માલી સમુદાયના હતા. માત્ર ૧૦ વર્ષની વયે તેમના લગન જ્યોતિરાવ ફૂલે સાથે કરવામાં આવ્યા હતા. લગ્ન સમયે તેઓ શિક્ષિત ના હતા કારણકે બ્રાહ્મણ સમુદાયે નિમ્ન જાતિના લોકો અને સ્ત્રીઓ માટે શિક્ષણની મનાઈ ફરમાવી હતી. પરંતુ તેમના પતિ જ્યોતિરાવ ફૂલે સ્કોટલેન્ડની એક મિશનરી શાળામાં પ્રવેશ અપાવ્યો અને તેમણે સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો.

### ભિક્ષુ અખંડાનંદ



ગુજરાતી સામયિક ' અખંડ આનંદ' કાર્યાલય ' સસ્તું સાહિત્ય વર્ધક ના સ્થાપક ભિક્ષુ અખંડાનંદનો જન્મ તા. ૩/૧/૧૮૭૪ના રોજ બોરસદમાં લુહાણા પરિવારમાં થયો હતો. તેમનું મૂળ નામ લલ્લુભાઈ હતું. પિતાનું નામ જગજીવનરામ ઠાકર અને માતાનું નામ હરિબા હતું. ભિક્ષુ અખંડાનંદ માત્ર પાંચ ધોરણ ભણીને તેમણે અભ્યાસ છોડી દીધો. તેમણે જુદા જુદા વ્યવસાય કર્યા, પરંતુ પાછળથી મન વૈરાગ્ય તરફ વળતાં અમદાવાદ આવીને ઈ.સ.૧૯૦૪માં મહા વદ તેરસને શિવરાત્રીના દિવસે સાબરમતીને કિનારે વૃદ્ધ સંન્યાસી શિવાનંદજી પાસે દીક્ષા ગ્રહણ કરી. ત્યારપછી

gnanbhandar.com

તેમનું નામ અખંડાનંદ પડ્યું. સંન્યાસ લઈને તેમણે સમગ્ર દેશમાં પરિભ્રમણ કર્યું. તેમને વાંચવાનો ખૂબ જ શોખ હોવાથી અનેક ધર્મગ્રંથો વાંચ્યા હતા. એકવાર હિમાલયથી પાછા ફરેલા સંન્યાસી ભિક્ષુ અખંડાનંદ મુંબઈ આવ્યા. એક વખત પુસ્તકની દુકાને ભજનસંગ્રહ ખરીદવા ગયા તેની કિંમત જોઈ તો ચાર પાંચ ગણી વધારેલ હતી. એમને થયું કે સામાન્ય વ્યક્તિ પુસ્તકો કંઈ રીતે ખરીદી શકે ? એમની આંખ ઉઘાડી ગઈ અને આધ્યાત્મિક પિપાસા સંતોષવાની હોય તો મોઘાદાટ પુસ્તકોને બદલે સસ્તાંપુસ્તકો મળે એવું કંઈક કરવું એવો વિચાર મનમાં આવ્યો અને તેના માટે તેમણે' સસ્તું સાહિત્ય  વર્ધક'ની સ્થાપના કરી.

ભિક્ષુ અખંડાનંદે અખંડાનંદ હોલ,'અખંડાનંદ' સામયિકે ગુજરાતનું સંસ્કાર ઘડતર કર્યું છે.ગીતા સહિતધર્મ સંસ્કારના પુસ્તકોની 54000 નકલો માત્ર સાડાત્રણ વર્ષમાં જ વેચીને વિક્રમ સર્જ્યો. એમ.જે.પુસ્તકાલયને તેમણે વિવિધ ભાષાના દસ હજાર પુસ્તકો ભેટમાં આપીને ઉદાત ભાવનાનું દ્દષ્ટાંત પૂરું પાડયું છે.અખંડાનંદ આર્યુવેદિક કોલેજની સ્થાપના પણ કરી. તેમણે સ્થાપેલું સર્વ વિષયોને આવરી લેતું લોકભોગ્ય સામયિક  છેલ્લા પચાસ વર્ષથી અવિરતપણે પ્રગટ થાય છે. સસ્તું સાહિત્ય ની વિસ્તૃત લોકોપ્કારક પ્રવૃત્તિ એક વ્યક્તિના અભિયાન દ્વારા સધાયેલ મોટી ને ગરવી પ્રવૃતિનો પુરાવો છે. જ્ઞાનની પરબ માંડનાર ભિક્ષુ અખંડાનંદનું અવસાન ચોથી જાન્યુંઆરી ૧૯૪૨ના  રોજ થયું.

## બ્રેઈલ લિપિના શોધક- લઈ બ્રેઈલ



આજે વિશ્વની અંદર નેત્રહીનો જે કંઈ બ્રેઈન લિપિ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરીરહ્યા છે. તેનાથી આજે વિશ્વની અંદર નેત્રહીનોએ દ્રશ્ત્રીવાન લોકોની સમકક્ષ બની ચૂકેલા છે તેવી બ્રેઈન લિપિના શોધક અંધ પુરૂષાર્થી લૂઈ બ્રેઈલનો જન્મ તા. ૪/૧/૧૮૦૯ના રોજ ફ્રાન્સના પેરીસ પાસે કુપેર નામના ગામમાં અત્યંત ગરીબ મોચી પરિવારમાં થયો હતો. તાએમના પિતા ઘોડાગાડી રીપેરીંગ દુકાન હતી. એક દિવસ દુકાનમાં રમતાં રમતાં અકસ્માતે એક સોયૂ આંખમાં પેસી ગયો. તેના લીધે લૂઈ બ્રેઈલ ત્રણ વર્ષની નાની વયે અંધ બન્યા. ઈ.સ. ૧૭૭૪માં સમગ્ર વિશ્વમાં નેત્રહીનોના શિક્ષણ અર્થે અંધજનોની વિદ્યાલયની શરૂઆત પેરિસમાં થઇ હતી. આ બાળકો માટેની રાષ્ટ્રીય અંધશાળામાં તેઓ ભણ્યા. અંધશાળાના આચાર્ય ડો.પિગનીપાટે આથમી ઓગસ્ટ ૧૮૨૮ના રોજ વિદ્યાલયની અંદર અધ્યાપનની કામગીરી માટે નિમણૂક થઇ. ઈ.સ. ૧૮૨૯માં બ્રેઈલ સ્પર્શે લીપીમાં જ તેમને  પોતાનો આ શોધ પ્રબંધ પ્રગટ કર્યો. અંધજનો માટે વાંચવાની આ પદ્ધતિની શોધ કરી. પંદર વર્ષની વયે આ પધ્ધતિ શોધ અને ૬ ટપકાના કોડની જુદી જુદી ર્ગોઓ અને સંગત લીપીમાં જ તેમણે આ પધ્ધતિ બનાવી. અઢારમી સદી સમગ્ર વિશ્વની અન્ડર નેત્રહીનોને ખૂબ જ સંધર્ષ કરવો પડ્યો હતો.

જેને રાત અને દિવસ બંને સરખા છે, અંધકાર એ જ એમનું જીવન છે એવા આંખ વિનાના લોકોના બેલી હતા. પોતે વિકસાવેલ સ્પર્શ લિપી દ્વારા કેટલાય અંધ બાળકોને તેમણે લખતા વાંચતા કર્યા. આ પધ્ધતિ દેશવિદેશમાં પણ આ બ્રેઈન લિપીના ઇલેક્ટ્રિક ટાઈપ મશીનો સુલભ બન્યા છે. તેઓ ઉત્તમ કોટીના

સંગીતકાર પણ હતા. પેરિસના સર્વશ્રેષ્ઠ ઓર્ગેનીષ્ઠોમાં તેમની ગણના થઇ છે. પોતાના જીવનનો શેષ સમય પેરીસની શાળામાં ગાળ્યા હતા. ક્ષય રોગ લાગુ પડવાથી ૨૩ ફેબ્રુઆરી ૧૮૫૨માં રોજ તેમનું અવસાન થયું.

## સંત પરમહંસ યોગાનંદ



આધ્યાત્મિક અને દેશપ્રેમનો સંદેશો ફેલાવનાર મહાન સંત પરમહંસ યોગાનંદનો જન્મ તા.૫/૧/૧૮૯૩ના રોજ થયો હતો. તેઓ બચપણથી જ આધ્યાત્મિક અને દેશપ્રેમના રંગે રંગાયા હતા. ઈશ્વર માટે અસીમ પ્રેમ તથા માનવતાની સેવાથી અસંખ્ય લોકોના ભૌતિક સંતાપ દૂર કર્યા હતા. યુવાનોમાં રહેલી શક્તિનો સદઉપયોગ કરવો જોઈએ તેમ તેઓ માનતા હતા. ઈ.સ. ૧૯૨૦માં યોગાનંદજીએ પશ્ચિમના દશોમાં પોતાના ઉદેશોનો પ્રચાર કર્યો . તેમણે ભારતની પ્રાચીન આધ્યાત્મિક વિદ્યા અને યોગ ઉપર બોસ્ટનમાં વ્યાખ્યાન આપ્યું. તેમણે પૂર્વ અને પશ્ચિમને આધ્યાત્મિક રીતે એક સૂત્ર બાંધવાનો અને બધા જ ધર્મો મૂળ એક જ છે તેવો વિચારનો પ્રચાર કર્યો.

તેમણે ઈ.સ. ૧૯૧૭માં રાંચી ખાતે યોગદા સંત્સંગ સોસાયટીની સ્થાપનાકરી. આ ઉપરાંત ઈ.સ.૧૯૨૫ અમેરિકાના લોસ એન્જાલમાં એક આંતરરાષ્ટ્રીય મંચની સ્થાપના કરી. તેમણે ' યોગીની આત્મકથા' પુસ્તક પ્રકાશિત કર્યું. જે વિશ્વભરમાં ઉત્તમ આધ્યાત્મિક ગ્રંથ તરીકે તેની ગણના થાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતની આધ્યાત્મિકનો સંદેશોનો ફેલાવો અને માનવતા તેદ જ દેશપ્રેમના કાર્યો માટેની તેમની કામગીરી ખૂબ જ પ્રંશસનીય છે. સાતમી માર્ચ ૧૯૫૩માં લોસ એન્જલમાંભાષણઆપ્યા બાદ થોડી જ વારમાં તેમનું અવસાન થયું.

## ભારતીય સિનેમા જગતના સંગીતજ્ઞ અબ્દુલ




ભારતીય સિનેમા જગતના સંગીતજ્ઞ અબ્દુલ રહેમાનનો જન્મ તા. ૬/૧/૧૯૬૬ના રોજ મદ્રાસમાં થયો હતો. તેમના પિતા આર.કે.શેખર એક મ્યુઝીક કંપોઝર હતા. અને માતાનું નામ કસ્તુરી ઉર્ફે કરીમાબેગમ હતું. તેમના પરિવારે તેમનું નામ દિલીપકુમાર પાડ્યું હતું. પરંતુ પાછળથી સૌએ ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યા પછી તે એ,આર.રહેમાન તરીકે જાણીતા થયા. તેઓ નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી હતી. આથી સમગ્ર પરિવારની જવાબદારી તેમના શિરે આવી પડી. ૧૧ વર્ષની વયે ઈલ્લૈયા રાજાની સંગીત મંડળીમાં તે કી-બોર્ડ તરીકે શામિલ થયા. અને ભણતર પડતું મુકવું પડ્યું. એમ.એસ.વિશ્વનાથન, રમેશ નાયડુની ઓરકેસ્ટ્રામાં તેમણે કામ કર્યું. કુન્ન્કડી વિધનાથન અને ઝાકીરહુસૈન સાથે પણ જુગલબંધી કરી હતી.

અબ્દુલ રહેમાન ઈ.સ. ૧૯૮૭માં ઓલ્વીનની નવી બ્રાંડની ઘડિયાળોની જાહેર ખબર માટે એક નાની ગીત માટે ઝીગલ રચવાની તેમને તક મળી. તે પછી તેમને અનેક ઓફરો મળી અને અત્યારે તેઓ ૩૦૦ થી

વધુ ઝીંગલો બનાવી ચૂક્યા છે. ઈ.સ. ૧૯૮૯માં તેમણે પોતાનો પંચાથન  રેકોર્ડ ઇન સ્ટુડિયો સ્થાપ્યો હતો. મણીરત્નની ફિલ્મ રોઝામાં તેમને તક મળી અને સંગીતની દુનિયામાં તે છવાઈ ગયા. અબ્દુલ રહેમાનને શ્રેષ્ઠ સંગીત દિગ્દર્શકનો એવોર્ડ એનાયત થયેલ છે. આ સફળતા પછી તેમણે કદી પાછું વળી જોયું નથી. દક્ષિની અને હિન્દી ફિલ્મોમાં તેઓ સંગીત પીરસી ચૂક્યા છે. ચલચિત્રના સંગીત રચવા ઉપરાંત અબ્દુલ રહેમાન ' વંદે માતરમ' જેવા દેશભક્તિ ગીતોના આલ્બમ પણ બનાવ્યા છે. તેમને ઈ.સ. ૨૦૦૦માં ભારત સરકાર તફથી તેમને પદ્મશ્રી ખિતાબ એનાયત થયેલ છે.

## જાણીતા જીવશાસ્ત્રી ડૉ. ઓબેદ સિદ્દીકી



ભારતના જાણીતા જીવશાસ્ત્રી ડૉ. ઓબેદ સિદ્દીકીનો જન્મ તા.૭/૧/૧૯૩૨ના રોજ ઉત્તરપ્રદેશના બસ્તી ગામમાં થયો હતો. તેમના પિતા અબ્દુલ મજીદ સિદ્દીકી જીવન વિજ્ઞાની હતા. માતાનું નામ જ્મોલા એમિલ સિદ્દીકી હતું. જેઓ યુનિવર્સિટી મેડીકલ કોલેજમાં હતા. ઓબેદ સિદ્દિકીઈ.સ.૧૯૭૭માં તેમણે સુક્ષ્મ જીવાણું જનનશાસ્ત્રથી પોતાના સંશોધનકાર્યની શરૂઆત કરી હતી. તેમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ પણ એનાયત થયેલ છે. તેમેણ માસ્ટર ડીગ્રી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી કાનપુરમાંથી મેળવી હતી. ઈ.સ. ૧૯૮૪માં સ્ટેટ યુનિવર્સિટી પુલ્લામ વોશિંગ્ટનમાંથી પી.એચ.ડી.ની ઉપાધી મેળવી હતી. આ ઉપરાંત કોલોરાડો યુનિવર્સિટીમાં ખૂબ જ ટૂંકાગાળામાં ડોકટરેટનીની પડવી મેળવી હતી. તેમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે સેવા આપી હતી. નેશનલ સેન્ટર ફોર બાયોલોજીકલ સાયન્સીસ , બેગ્લોર સંસ્થાએ તેમણે ખૂબ જ મદદ કરી હતી. ઈ.સ. ૨૦૦૩માં અમેરિકાની રાષ્ટ્રીય વિજ્ઞાન અકાદમી પણ તેમણે વિદેશી સહયોગી તરીકે નિયુક્ત કર્યા હતા. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી , બનારસ હિંદુ યુનિવર્સિટી  તથાજામિયા હર્મદ તેમને ડી.એસ.સી.ની ડીગ્રી એનાયત કરી હતી. ઈ.સ. ૨૦૦૦માં શાંતિસ્વરૂપ ભટ્ટનાગર એવોર્ડ .ઈ.સ.૨૦૦૧માં જી.એમ.મોદી ઇનોવેટીવ સાયન્સ એન્ડ ટેકનોલોજી એવોર્ડ પણ મળ્યો હતો. આ ઉપરાંત ઈ.સ. ૨૦૦૬માં ભારત સરકારે પદ્મ ભૂષણ ઈલકાબથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે ન્યૂરો જેનેટિસિસ્ટ તરીકે મશહૂર સિદ્દિકીએ ફળો પરની માખી વિષે પણ શોધકાર્ય કર્યું. તેમણે 'ડ્રોસો ફિલા' નામક ફળ પરની માખીની રાસાયણિક સંવેદના અંગે પાયાના પ્રાયોગિક કામની નોંધ કરી હતી. ' તેમણે મગજની સૂંઘવાની પ્રક્રિયાની અમારી સમજણ વધારી છે' . તેમણે ડીએનએના વહન અને ફૂગ તથા જંતુઓના પુનઃ જોડાણને સમજવામાં પણ મહત્વનું યોગદાન આપ્યું હતું.

## ડૉ. ક્રિશ્ચયન બર્નાર્ડ



વિશ્વનું સૌપ્રથમ ઓપનહાર્ટ પ્રત્યારોપણ કરનાર ક્રિશ્ચયન નીથલીંગ બર્નાર્ડ નો જન્મ તા. ૮/૧/૧૯૨૨ના રોજ દ.આફ્રિકાના




www.gnanbhandar.com

બ્યુફોર્ડ વેસ્ટમાં એક સાધારણ પરિવારમાં થયો હતો. કેપટાઉન યુનિવર્સીટીમાં તેમણે તબીબીશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૫૮માં ગ્રુટેશૂર હોસ્પિટલમાંઇન્ટરશીપ કરી. ઈ.સ. ૧૯૫૧માં કેપટાઉન યુનિવર્સીટીમાં માસ્ટર ડીગ્રી મેળવી. ઈ.સ. ગ્રુટેશૂર હોસ્પિટલમાં હદયના સર્જન તરીકે નિમણૂક થઇ.તેમણે હોસ્પીટલના પ્રથમ હદય સારવાર કેન્દ્રની સ્થાપના કરી. તેઓ ઘણા વર્ષોથી પ્રાણીઓમાં હદય પ્રત્યારોપણના પ્રયોગ કરતા હતા. અને તેને પગલે ઈ.સ.૧૯૫૪માં કિડનીના પ્રત્યારોપણમાં પહેલીવાર સફળતા મળી હતી. ઈ.સ. ૧૯૫૪માં ક્રિશ્ચયન બર્નાર્ડ દક્ષિણ આફ્રિકામાં પહેલીવાર કીડની પ્રત્યારોપણ કર્યું હતું. તેમણે ત્રીજી ડિસેમ્બર ૧૯૬૭ના દિવસે લૂઇસ વોસ્ક્ન્સી નામના દર્દીનું ૩૦ મદદનીશોની મદદથી નવ કલાક સુધી ચાલેલી શસ્ત્રક્રિયા થકી વિશ્વનું સૌપ્રથમ ઓપન હાર્ટ પ્રત્યારોપણ સંભવ બન્યું. પરંતુ એક જ મહિનામાં દર્દીને મધુપ્રમેહ અને હદયરોગથી પીડાતા હોવાથી ઓપરેશનનું રીએક્શન આવવાથી અવસાન થયું. લૂઇસ વોસ્ક્ન્સીના શરીરમાં ૨૪ વર્ષની એક યુવાન મહિલા ડેનીસ ડાર્વલનું હદય બેસાડવામાં આવ્યું હતું. શસ્ત્રક્રિયા બાદ તેઓ ૧૮ દિવસ જીવ્યા હતા.

ક્રિશ્ચયન બર્નાર્ડ બેવડા પ્રત્યારોપણ ,કુત્રિમ વાલ્વ અને તાકીદની સારવાર માટે પ્રાણીઓના હ્દયનો ઉપયોગ સહિતની નવી અને જોખમી તબીબી તક્નીકોમાં પણ પુરસ્કર્તા હતા. વૃદ્ધત્વથી દૂર રાખતી બાબતો અંગેના સંશોધનોમાં પણ તેમણે રસ લીધો હતો. ક્રિશ્ચયન બર્નાર્ડનું લગ્નજીવનનું સુખ પ્રાપ્તથયું નહી. તેમણે ત્રણ ત્રણ વખત લગ્ન કર્યા તેન છતાં ત્રણેય વખત છૂટાછેડા થયા હતા. તેમણે અનેક પુસ્તકો પણ લખ્યા છે. જેમાં ઈ.સ. ૧૯૬૯માં 'વન લાઈફ',ઈ.સ.૧૯૯૩માં ' સેકન્ડ લાઈફ' , નાઈટસેસન', ' ધ બેસ્ટ મેડીસીન', 'બોડી મશીન' જેવા અનેક પુસ્તકો આપ્યા છે. અસ્થમાનો હુમલો થતાંબીજી સપ્ટેમ્બર૨૦૦૧માંસાયપ્રસમાં તેમનું અવસાન થયું.

## ડો. હરગોવિંદ ખુરાના




ભારતના મેધાવી જીવ રસાયણશાસ્ત્રી ડો. હરગોવિંદ ખુરાનાનો જન્મ તા. ૯/૧/૧૯૨૨ના રોજ ભારતના (અંગ્રેજી હકુમત હેઠળ આવેલા) પંજાબ રાજ્યના રાયપુર (હાલમાં પકિસ્તાનમાં) ખાતે એક સાધારણ પરિવારમાં થયો હતો. તેમના પિતા પટવારી હતા. બાળપણથી જ તેઓ ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા. એમણે પ્રાથમિક શિક્ષણ મુલતાન ખાતે પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ સાધારણ આર્થિક પરિસ્થિતિ સામે સંઘર્ષ કરીને પણ એમના પિતાએ એમને વધુ શિક્ષણ અપાવવા પ્રયત્ન શરૂ કર્યા. પિતાના પ્રયત્નોના ફળસ્વરૂપ એમણે મહેનતથી અભ્યાસ કર્યો. પંજાબ યુનિવર્સિટીમાંથી ઈ. સ. ૧૯૪૩ના વર્ષમાં તેઓ સ્નાતક થયા. પછી ઈ. સ. ૧૯૪૫ના વર્ષમાં તેઓ રસાયણશાસ્ત્ર તથા જૈવિક રસાયણશાસ્ત્ર (બાયોકેમેસ્ટ્રી) વિષય અનુસ્નાતક પણ થયા. અનુસ્નાતકની પદવી મેળવ્યા બાદ તેઓ ઈંગ્લેન્ડ ખાતે આવેલી યુનિવર્સિટી ઓફ લિવરપૂલમાં ઉચ્ચ અભ્યાસ કરવા ગયા. અહિંથી એમણે ઈ.સ. ૧૯૪૮માં પી. એચ. ડી.ની પદવી પણ મેળવી.

ઇ. સ. ૧૯૫૨ના વર્ષમાં એમણે બ્રિટિશ કોલંબિયા યુનિવર્સિટી સાથે જોડાઈને સંશોધન કાર્ય શરૂ કર્યું અને સાથે સાથે ઝુરિક યુનિવર્સિટી અને કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે પણ કાર્ય કર્યું. તેમની મુખ્ય શોધ તે કૃત્રિમ



gnanbhandar.com

જીન્સ હતી. તેમના માટે જિન્સ મનુષ્યના શારીરિક તેમ જ બૌદ્ધિક ઘડતર માટેનું મુખ્ય પરિબળ છે. માણસનો સ્વભાવ, ગુણ.આકાર વગેરેનો મુખ્ય આધાર ' જિન્સ' છે. માતાપિતા દ્વારા આપણને ગુણ,કર્મ અને સ્વભાવના જિન્સ પ્રાપ્ત થાય છે. તેમણે પ્રોટીન સિન્થેસિસમાં ન્યુક્લિયોટાઈડ્ઝની ભૂમિકા વિશે મહત્વપૂર્ણ સંશોધન કરી પ્રસિદ્ધ થયા. પછી સંશોધન ક્ષેત્રમાં એમણે ટીમ સાથે મળીને પ્રગતિ સાધી સાબિત કર્યું હતું કે બાયોલોજીકલ લેંગ્વેજ બધા જ જીવંત ઓર્ગેનિઝમ માટે એકસરખી (કોમન) હોય છે. આ સંશોધન કાર્ય માટે ઇ. સ્. ૧૯૬૮ના વર્ષમાં શરીરવિજ્ઞાન અને તબીબ વિજ્ઞાનનું ભૌતિકશાસ્ત્રનું સંયુક્ત નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું.ઈ.સ.૧૯૫૬માં 'માર્ક એવોર્ડ એનાયત થયો..ઈ.સ. ૧૯૬૦માં કેનેડીયન પબ્લિક સર્વિસીસ તરફથી ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગને તેમને ઈ.સ. ૧૯૮૭માં રાષ્ટ્રીય વિજ્ઞાન ચંદ્રકથી સન્માનિત કર્યા હતા.ઈ.સ.૧૯૭૦ના વર્ષમાં તેઓ અમેરિકાની મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે જીવશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર વિષયના પ્રોફેસર તરીકે જોડાયા હતા. તેમનું અવસાન નવમી નવેમ્બર,૨૦૧૧ના દિવસે અમેરિકામાં થયું હતું.

## કુંદનિકા કાપડિયા



ગુજરાતી ભાષાના અગ્રણી વાર્તાકાર અને નવલકથાકાર કુંદનિકા કાપડિયાનો જન્મ ૧૧ જાન્યુઆરી ૧૯૨૭ના રોજ સૌરાષ્ટ્રના લીમડી ખાતે થયો હતો. પિતાનું નામ નરોત્તમદાસ હતું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગોધરામાં લીધું ઇ.સ. ૧૯૪૮માં શામળદાસ કોલેજ ભાવનગરમાંથી રાજકારણ અને ઇતિહાસ વિષયમાં બી.એ. કર્યું. મુંબઇ સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાંથી ' એંન્ટાયર પોલિટિક્સ' સાથે એમ.એ.ની પડાવી મેળવી. તેમનુ ઉપનામ ' સ્નેહધન' હતું. મકરંદ દવે સાથે લગ્ન કરી વલસાડ પાસે આવેલ વાંકલ ગામે ' નંદીગ્રામ' નામે આશ્રમની સ્થાપના કરી. ૧૯૫૫ થી ૧૯૫૭ દરમ્યાન ' યાત્રિક' અને ૧૯૬૨ થી ૧૯૮૦ સુધી ' નવનીત' સામયિકોના સનપદકની કામગીરી કરી.

તેમણે ' પ્રેમના આંસુ' તેમની પ્રથમ રચના છે આ ઉપરાંત ' વધુ ને વધુ સુંદર',' કાગળની હોળી' અને ' જવા દઇશું તમને' વાર્તાસંગ્રહો આપ્યા છે. તેમના પાત્રો લાગણીશીલ હોય છે. નવલિકા ઉપરાંત ' સાત પગલાં આકાશમાં',' પરોઢ થતાં પહેલા',' અગન પિપાસા' જેવી નવલકથાઓ પણ લખી છે. ' સાત પગલાં આકાશમાં' નવલકથાને ૧૯૮૫માં દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયેલ છે. આ નવલકથામાં નારીશોષણની સામે સામાજિક વિદ્રોહની વાત કેન્દ્રમાં રહી છે.આ નવલકથાનું ' દૂરદર્શન' સિરિયલ પણ પ્રસારિત થઈ છે. આ ઉપરાંત ' દ્વાર અને દીવાલ' તથા ' ચંદ્ર તારા વૃક્ષ વાદળ' બે નિબંધસંગ્રહો પણ આપ્યા છે. ૧૯૮૪માં ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવેલ છે. ૩૦ એપ્રિલ ૨૦૨૦ના રોજ નંદીગ્રામ આશ્રમમાં અવસાન થયું.

## સ્વામી વિવેકાનંદ (રાષ્ટ્રીય યુવા દિવસ)



ભારતીય સંસ્કૃતિનો જયજયકાર સમગ્ર વિશ્વમાં કરનાર યુગપુરૂષ અને ' ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' એ સુત્રને પોતાના વાણી વર્તન દ્વારા સાર્થક કરનાર એવા સન્યાસી સ્વામી

વિવેકાનંદનો જન્મ પોષ વદ સાતમને મકરસંક્રાંતિના મંગલ પર્વને તા. ૧૨/૧/૧૮૬૩ના દિવસે બંગાળમાં થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથદત્ત અને માતાનું નામ ભુવનેશ્વરીદેવી હતું. તેમનું મૂળ નામ નરેન્દ્ર હતું. તેમના પિતા કલકત્તા હાઇકોર્ટમાં વકીલ હતા. જ્યારે માતા મહાદેવજીના પરમ ભક્ત હતા. નરેન્દ્ર ભણવામાં ખૂબ જ હોશિયાર હતો. તેમનામાં રહેલી જીજ્ઞાસાવૃતિને કારણે તેઓ શિક્ષકોને પણ અનેક પ્રકારના પ્રશ્નો પૂછીને મૂંઝવી દેતા. તેઓ બી.એ થયા ત્યારે અચાનક પિતાનું અવસાન થયું. ઘરની બધી જ જવાબદારી માથે આવી પડી. ગમે તેવા ભડવીર માણસ પણ ભાંગી પડે તેવા સંજોગોમાં તથા અંધકાર અને નિરાશાના દિવસોમાં દઢમનોબળ, ધીરજ અને સંયમથી તેમણે અનેક સમસ્યાનો સામનો કર્યો. ગુરૂ રામદાસની પરમ કૃપાથી ભારતના હિંદુ ધર્મનો-સંસ્કૃતિનો ઉજ્જવળ ધ્વજ તેમણે વિશ્વભરમાં લહેરાવ્યો.

વીસમી સદીના મહાન આર્ષદ્રષ્ટા અને જગત નાગરિક એવા ભારતીય વિદ્વાને સમગ્ર ભારતભરમાં પરિભ્રમણ કર્યું. રામકૃષ્ણ પરમહંસના આદેશથી તેઓ પંદરમી સપ્ટેમ્બર ૧૮૯૩નાદિવસે શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં ભાગ લીધો. અને ત્યાં તર્કબદ્ધ પ્રવચન દ્વારા વિદેશમાં ભારતીય સંસ્કૃતિને ગૌરવવંતી બનાવી અને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. ગગનભેદી અવાજે તેમણે કહ્યું કે ‘ ઓ સિંહો તમે મુક્ત છો, અમૃત છો’ આજના યંત્ર અને ટેકનોલોજીના ઝડપી જમાનામાં માનવી જ્યારે એક પદાર્થ જ બની ગયો છે ત્યારે જરૂર છે માનવસંવેદના અને સર્વનું કલ્યાણ કરનાર પ્રજ્ઞાશક્તિની. આવું માર્ગદર્શન આપનાર મહાન ચિંતન પુરૂષોમાં સ્વામી વિવેકાનંદનું સ્થાન છે. તેમનો જન્મદિન આપણો દેશ ઈ.સ. ૧૯૬૮થી ‘ યુવા દિન ‘ તરીકે ઉજવે છે. પ્રખર દેશભક્ત અને સન્યાસી સમગ્ર જીવન માતૃભૂમિ અને દેશવાસીઓનો સેવા સાથે જોડાયેલ હતું. તેઓ સતત ભારતમાતાની જ ચિંતા કર્યા કરતા હતા. આજના યુવકો માટે આ બાબત અત્યંત પ્રેરણાદાયી છે. તેમણે દેશના યુવાનોને આહવાન કર્યું કે “ તમારા દેશને વીરોની જરૂર છે, મર્દ બનો અને પર્વતની જેમ અડગ બનો. સત્યનો સદા જયજયકાર છે. દેશની નસેનસમાં નવું ચેતન ધબકે છે માટે ભારતને નવીન વિદ્યુતપ્રવાહની જરૂર છે. મર્દ બનો...મારા બંધુઓ ... તમારી અંદર અખૂટ પ્રમાણમાં શક્તિનો ભંડાર ધરબાયેલો છે. ત્યારે ઓ શક્તિશાળી સ્વભાવને તમારી ખુદની મદદે બોલાવો અને પછી જુઓ આખી દુનિયા તમારા ચરણોમાં પડશે.” આવું પ્રેરણાદાયક માર્ગદર્શન આપનાર મહાન સન્યાસી સ્વામી વિવેકાનંદે ઈ.સ. ૧૮૯૭માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી.તેઓ માત્ર ૩૯ વર્ષનું આયુષ્ય ભોગવી ચોથી જુલાઈ ૧૯૦૨ને શુક્રવારના દિવસે રાત્રીના ૯.૧૦ કલાકે ૩૯ વર્ષ , ૫ માસ અને ૨૪ દિવસનું આયુષ્ય ભોગવીને મહાસમાધિમાં લીન થયા. જો કે તેમના ધર્મ અને સમાજમાં ક્રાંતિ જગાવનાર વિચાર આજે પણ દરેક યુવાન માટે પ્રેરણારૂપ છે.


## રાકેશ શર્મા

ભારતના પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્માનો જન્મ ૧૩ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ પંજાબના પટિયાલામાં થયો હતો. પિતાનું નામ દેવેન્દ્રનાથ શર્મા અને માતાનું નામ ત્રિપટા શર્મા હતું. બાળપણથી જ હવામાં વિમાન ઉડાવવાના સપના જોતાં હતા. તેમણે હૈદરાબાદ ખાતે શાળાકીય અભ્યાસ પૂર્ણ કરી નિઝામ



કોલેજમાંથી સ્નાતકની પડાવી પ્રાપ્ત મેળવી હતી. ૧૯૬૬માં એરફોર્સ કેડેટની તાલીમ લેવાની શરૂઆત કરી હતી ત્યારબાદ તેઓ ભારતીય વાયુસેનામાં જોડાયા હતા. ૧૯૭૦માં તેઓ હવાઈદળમાં પાઇલટ ઓફિસર તરીકે જોડાયા. ૧૯૭૧માં જ્યારે પાકિસ્તાન સાથે યુદ્ધ થયું ત્યારે પણ તેમણે મિગ-૨૧ ઉડાવ્યું હતું. ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા(ઇસરો) અને સોવિયત સંઘના સોવિયેત ઇન્ટરકોસ્મોસના સંયુક્ત અવકાશ કાર્યક્રમ હેઠળ ૧૯૮૨માં સ્ક્વોડ્રન લીડર રાકેશ શર્માની પસંદગી કરવામાં આવી. ત્રીજી એપ્રિલ ૧૯૮૪ના રોજ સોયુઝ ટી-૧૧ અવકાશયાન દ્વારા રાકેશ શર્માએ અવકાશ તરફ પ્રયાણ કર્યું હતું. તેમણે અવકાશમાં ૭ દિયાસ,૨૧ કલાક અને ૪૦ મિનિટનો સમય ગાળ્યો હતો.અને આ સિદ્ધિ મેળવતાની સાથે જ તેમનું નામ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી અંકિત થઈ ગયું હતું. ઇન્ડિયન એર ફોર્સના અધિકારી આ૧૯૮૪માં પગ મૂકી ઇતિહાસ રચ્યો.


## આર્યુવેદ વૈધ પુનવર્સું- લાભશંકર ઠાકર



આર્યુવેદ જગતના ‘ વૈધ પુનવર્સુંતરીકે જાણીતા અને ગુજરાતી કવિ તથા નાટ્યકાર લાભશંકર ઠાકરનો જન્મ તા.૧૪/૧/૧૯૩૫ના રોજ પાટડી તાલુકાના સેડલા ગામમાં થયો હતો. પિતાનું નામ જાદવજી અને માતાનું નામ પ્રભાવતી હતું. તેઓ સુરેન્દ્રનગર જીલ્લાના પાટડીના વતની હતા. પ્રાથમિક શિક્ષણ પાટડીમાં લીધું ત્યારપછી ઈ.સ. ૧૯૫૯માં એમ.એ. પાસ કરી અને ઈ.સ. ૧૯૬૪માં આર્યુવેદ અભ્યાસક્રમનો ડીપ્લોમાં કર્યો. સાત વર્ષ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી. સાથે સાથે વૈધ ‘પુનવર્સું’ તરીકે લેખન તેમજ ચિકિત્સા તરીકે સેવા આપી. અત્યારે તેઓ અમદાવાદમાં સ્થાયી થયા છે. તેમણે ગુજરાતી સાહિત્યમાં નાટક, નવલકથા, કવિતા તેમ જ વિવેચન ક્ષેત્રે કામ કર્યું. પરંતુ મુખ્યત્વે તેઓ કવિ હતા. ગાંધીયુગની તેમ જ અનુંગાંધીયુગ સૌદર્યભીમુખ કવિતાથી જુદા પડી આધુનિક મિજાજવાળી કવિતા લઈને આવનાર કવિ અગ્રેસર છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘ વહી જતી પાછળ રમ્ય ઘોષા’ હતો. ‘ માણસની વાત’, ‘ મારા નામને દરવાજે’, ‘ બૂમ કાગળના કોરા’, ‘ લઘરો’ , ‘ ટોળા, અવાજ અને ઘોઘાટ’ વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. લાભશંકર ઠાકરની સંવેદનની સાથે સાથે ભાષાકર્મની દ્રષ્ટ્રીએ પણ તેમની રચનાઓએ અભ્યાસીઓનું ધ્યાન ખેચ્યું છે. આ ઉપરાંત ‘ મરી જવાની મઝા’ , ‘ બાથટબમાં માછલી’,’ પીળું ગુલાબ અને હું’ વગેરે તેમના નાટ્યસંગ્રહો છે. ‘ મરી જવાની મઝા ‘ કૃતિને ઈ.સ. ૧૯૮૧માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો છે. ‘ લાઠાદાદા’ના હુલામણા નામે ઓળખાતા તેઓ સાહિત્યમાં યોગદાન બદલ કુમાર ચંદ્રક , નર્મદ સુવર્ણચંદ્રક એનાયત થા હતા. ઈ.સ.૨૦૦૨માં ટોળા, અવાજ અને ઘોઘાટ’ કૃતિને ગુજરાતી સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર એનાયત થયો હતો. તેમણે હાસ્યાસન અને ચંપક ચાલીસા તેમની નવલકથાઓ છે. તેમણે ‘ મુંબઈની કીડી’, ‘ કાગડા અંકલ મ્મ્રવાલા’, નદી કાંઠે ડરાઉ ડરાઉ ‘, ‘ તડકાનો પાપડ’, ‘ કાન્ખાઉં રાક્ષસ’ વગેરે તેમની વાર્તા પુસ્તિકા છે. પ્રાસમેળ, લય,

કલ્પનાશીલતા વગેરે તેમની લેખનશૈલીની વિશેષતા છે. તેમનું છઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૬માં અવસાન થયું.

## આકાશીવીજળીના શોધક- બેન્જામીન



એક વરસાદી તોફાનમાં પતંગ ચઢાવીને તેના દ્વારા દોરા સાથે બાંધેલી ચાવી વડે વીજળીને નાથી હતી તે આકાશી વીજળીના શોધક મહાન વૈજ્ઞાનિક બેન્જામીન ફ્રેકલીનનો જન્મ તા. ૧૭/૧/૧૭૦૬ના દિવસે બોસ્ટન નગરની મેસેચુસેટસ કોલોનીમાં થયો હતો. તેમના પિતા જોસેફ ફ્રેકલીન  મીણબત્તી બનાવવાનો વ્યવસાય કરતા હતા. માતાનું નામ અબીયા ફોલ્જર હતું. બેન્જામીન ફ્રેકલીનનો ટૂંકુ નામ ‘ બેન’ હતું. ઈ.સ. ૧૭૫૩માં કોલોનીમાં  પોસ્ટમાસ્તર જનરલ તરીકે નિમણૂક થઇ હતી.તેમણે ઈ.સ. ૧૭૮૦માં ચશ્માની શોધ કરી હતી. ઈ.સ. ૧૮૪૭માં અમેરિકામાં સૌપ્રથમ જ્યારે ટપાલટિકિટનું ચલણ થયું ત્યારે તેના પર બેન્જામીન ફ્રેકલીનનું ચિત્ર અંકિત હતું. ટપાલસેવાને તેમણે આપેલી બુધ્ધીસેવા માટેની એ એક રાષ્ટ્ર તફથી શ્રદ્ધાંજલિ હતી. તેમણે પચ્ચીસ વર્ષની વયે અમેરિકામાં હરતીફરતી લાયબ્રેરીની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૦૭માં ધોલાઈ મશીનની સ્થાપના કરી.

બેન્જામીન ફ્રેકલીનનો ઇલેકટ્રોસ્ટેટીક્સ સ્થિતિની અવસ્થામાં વિદ્યુત સંબંધી અધ્યયન તથા પરીક્ષણો કર્યા હતા. ‘ લીડર જાર’ જુના પ્રકારના આ સંગ્રહનો ઉપયોગ ફ્રેક્લીને પોતાના વિદ્યુત સંબંધી પરીક્ષણો કર્યા હતા. વિદ્યુત સબંધી જે કઈ પ્રેક્ષણ તથા પ્રયોગો ફ્રેક્લીને સિદ્ધ કર્યા, એ એના વિદ્વતાપ્રચૂર ગ્રંથ અમેરિકાના ફિલાડેલ્ફીયા નગરમાં સંગ્રહિત છે. આ મહાન ગ્રંથનું વિશ્વભરમાં પ્રકાશિત થયું છે. બેન્જામીન ફ્રેકલીન પ્રતિભા ફક્ત વિજ્ઞાનના સીમાડા પૂરતી ન હતી,પરંતુ શિક્ષણક્ષેત્રે ,સાહિત્ય,સમાજસેવા ,પ્રકાશન વ્યવસ્થા, માનવતાવાદી તથા રાજનીતિ ક્ષેત્રે સંકળાયેલ હતા. આ મહાન વિજ્ઞાની અને બહુમુખી પ્રતિભા ધરાવનાર બેન્જામીન ફ્રેકલીનનું ૧૪મી એપ્રિલ ૧૭૯૦ના રોજ પેન્સીલવેનિયામાં અવસાન થયું.

## સમાજસુધારકમહાદેવ ગોવિંદ રાનડે



Mahadev Govind Ranade

જીવનભર સમાજસુધારાનું પાયાની કામગીરી કરનાર પ્રખર દેશભક્ત અને ગોપાલકૃષ્ણ ગોખલેના આદરણીય ગુરૂ  એવા મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ તા. ૧૮/૧/૧૮૪૨ના દિવસે મહારાષ્ટ્રના નાસિક જીલ્લાના નિફાડ ગામમાં થયો હતો. મેટ્રીકની પરીક્ષા મુંબઈ વિદ્યાપીઠમાં માત્ર સોળ વર્ષનીવયે પ્રથમ નંબરે પાસ કરી. ત્યારબાદ તેઓ બી.એ.,એમ.એ,, એલ.એલ.બી. અને એડવોકેટની પરીક્ષાઓ પણ બહુમાન સાથે પાસ કરી. રાનડે સાચા વિદ્યાભ્યાસી હતા. પુનાના મુખ્ય અધિકારીપદે નિમણૂક થઇ ત્યારે એમની વાય ત્રીસ વર્ષની જ હતી. આઠસો રૂપિયાના પગારમાં ઘણો ભાગ એ વિદ્યાર્થીઓ અને સમાજસેવામાં ખર્ચી નાખતા હતા. તેમની પત્નીનું નામ રમાબાઈ હતું. સામાજિક ક્ષેત્રે તેમણે સ્ત્રીશિક્ષણને અને વિધવાવિવાહને પોતાની પ્રધાન પ્રવૃત્તિ બનાવી હતી.

મુંબઈ વિદ્યાપીઠમાં એમણેભારતીય પ્રાદેશિક ભાષાઓને સ્થાન આપવા ઝૂબેશ ચલાવી.એમના અર્થશાસ્ત્ર, ઈતિહાસ અને સમાહ તથા ધર્મવિષયક લેખોએ આપણા દેશના અગ્રીમ સુધારકો અને ચિંતકોમાં સ્થાન અપાવ્યું હતું. તેમણે સી.આઈ.ઈ.નો ખિતાબ પણ એનાયત થયો છે.


મહાદેવ ગોવિંદ રાનડે ઈ.સ.૧૮૮૩માં મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક હૈ અને તેઓ ભારતભરમાં પ્રસિદ્ધ થયા. રાનડે તેજસ્વી ઇતિહાસકાર અને સંશોધક પણ હતા. મહાદેવ ગોવિંદ રાનડેઈ.સ. ૧૮૮૭માંરાષ્ટ્રીય સમાજ સુધારક સમિતિનો રચના કરી હતી. ' ભારતીય અર્થશાસ્ત્ર', વિષે નિબંધ , ' મરાઠાઓના ઉત્કર્ષ ' એક હજાર વર્ષ પહેલાની ભારતીયની અવસ્થા વગેરે એમના પ્રસિદ્ધ લખાણો છે. તેમણે ઈ.સ. ૧૮૮૫માં સ્થપાયેલી ' હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાના તેઓ અગ્રણી હતા. સાંસ્કૃતિક નવજાગૃતિમાં મહર્ષિ રાનડે આપેલું યોગદાન અનન્ય છે. જીવનની અંતિમ ક્ષણ સમ્જસેવા કરનાર મહાન જ્યોતિધર તા.૧૬/૧/૧૯૦૧ના રોજ અવસાન થયું. તેમના અવસાન પછી ગોખલે કહ્યું હતું કે ખરેખર જે દેશમાં રાનડે જેવા એકાદમહાપુરૂષ પણ પાકે તો એ દેશે ક્યારેય નિરાશ થવા જેવું નથી.

## મહાન ગીતકાર- કૈફી આઝમી



ભારતના મહાન ખ્યાતનામ ગીતકાર કૈફી આઝમી એટલે કે અખ્તર હુસૈન રિઝવીનો જન્મ તા. ૧૯/૧/૧૯૧૯ના રોજ ઉત્તરપ્રદેશના આઝમગઢ જીલ્લાના મિજવાનનામના ગામમાં થયો હતો. પોતાના કોલેજકાળથી જ તેઓ પ્રગતિવાદી વિચારધારામાં પરોવાયેલા હતા. તેમણે કોમ્યુનિસ્ટપાર્ટીના મુખપત્ર 'કોમીજંગ'ના તંત્રીપદે રહ્યા હતા. ફિલ્મી ગીતોની શરૂઆત ઈ.સ.૧૯૪૮થી કરી હતી. ફિલ્મ ગીતકાર તરીકે સામાન્ય લોકોમાં પણ લોકપ્રિય હતા. તેમણે 'હકીકત', ' કાગજ કે ફૂલ', 'પાકીઝા', 'નસીબ', 'તમન્ના ', શોલા ઔર શબનબ',' અર્થ', હીર રાંઝા ',' હિન્દુસ્તાન કી કસમ 'જેવી અનેક ફિલ્મમાં એક અચ્છા ઉઝ્લ્કાર અને ગીતકાર હતા. તેમની શાયરી ક્યારેક લોહીમાં તડપતી વીજળી છે તો ક્યારેક પ્રેમની મહેકતી જ્યોત અને ક્યારેક સૌદર્યના સળગતા અંગારા, પરંતુ પોતાની તમામ ભાવના લઈને તે વાસ્તવિક કાંટાળી ધરતી પર ઊતરી આવે છે. આખી દુનિયાના ગમ પોતાના હદયમાં સમેટી લીધા હોય એવી વ્યક્તિ જ આવી શાયરી લખી શકે છે. તેમણે પોતાનાં ગીતો કે ગઝલોનું સ્તર ક્યારેય નીચું પડવા દીધું નથી. ' ઝંકાર,' 'આખિર એ શબ'. 'નયી ગુલિસ્તાં' તેમના કાવ્યસંગ્રહ છે. જેમાં ક્રાંતિકારી શાયરે સામાજિક સમસ્યાઓ, રાષ્ટ્રીય સમસ્યાઓ અને જીવનની વાસ્તવિકતાઓ પરમ,દુઃખ વગેરે વિષયોને આવરી લે છે. તેમનેઈ.સ.૧૯૭૫માંસાહિત્ય અકાદમી એવોર્ડ, યુવા ભારતીય એવોર્ડ, પદ્મશ્રી એવોર્ડ. વગેરે એવોર્ડથી સન્માન મેળવેલ છે. તેઓ જીવનભર સાંપ્રદાયિકતાના વિરોધી હતા. આથી એમને કડવાશ પણ વહોરવી પડી છતાં સિદ્ધાંતો સાથે ક્યારેય સમાધાન કરતા નહિ. તેઓ કહેતા કે હું ગુલામ હિન્દુસ્તાનમાં જન્મ્યો હતો, આઝાદ હિન્દુસ્તાનમાં જીવી રહ્યો છું અને સોશલિસ્ટહિન્દુસ્તાનમાં મૃત્યુ પામીશ. આ મહાન ગીતકાર ૧૦મી મે૨૦૦૨ને શુક્રવારની સવારે સાત કલાકે અવસાન થયું.

## ગુજરાતી કવિ દલપતરામ



ગુજરાતી કવિ દલપતરામનો જન્મ તા. ૨૧/૧/૧૮૨૦ના દિવસે વતન સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં થયો હતો. તેમના પિતા ડાહ્યાભાઈ પાસે કુળ-પરંપરા પ્રમાણે વેદ શીખવાનો પ્રારંભ કર્યો, પરંતુ પિતાના ક્રોધી સ્વભાવને લીધે શીખી ન શક્યા. પ્રાથમિક કેળવણી ત્યાંની ગામઠી શાળામાં લીધું બાળપણથી પ્રાસતત્વવાળી હડૂલા જેવી કવિતા કરવાનો શોખ હતો. શામળની પદ્યવાર્તાઓ સાંભળી એ પ્રકારની 'હીરાદન્તી' અને 'કમળલોચની' જેવી વાર્તાઓ પદ્યમાં લખી, પરંતુ ચૌદ વર્ષની ઉંમરે ભૂમાનંદ સ્વામીથી પ્રભાવિત બની સ્વામીનારાયણ સંપ્રદાય અંગીકાર કર્યો એટલે એ વાર્તાઓ બાળી નાખી. પછી દેવાનંદ સ્વામી પાસે પરંપરાપ્રાપ્ત કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર અને વ્રજભાષાની કાવ્યરીતિનું શિક્ષણ લીધું. ચોવીસ વર્ષની ઉંમરે અમદાવાદના સ્વામીનારાયણ મંદિરમાં સંસ્કૃતના વિશેષ અભ્યાસ માટે આવ્યા. તે દરમિયાન ભોળનાથ સારાભાઈ સાથે પરિચય થયો. ઈ.સ.૧૮૪૮માં ભોળાનાથની ભલામણથી અમદાવાદના આસિસ્ટન્ટ જજ ઍલેકઝાંડર કિન્લૉક ફૉર્બસનું નિમંત્રણ મળ્યું એટલે વઢવાણથી અમદાવાદ આવ્યા અને ગુજરાતી ભાષા અને સાહિત્ય શીખવવા માટે ફૉર્બસના શિક્ષક બન્યા. ફૉર્બસ સાથેનો આ મેળાપ ઘનિષ્ઠ મૈત્રીમાં પરિણમ્યો. પાંચેક વર્ષ ફૉર્બસ સાથે ગુજરાતનાં વિવિધ રાજ્યોમાં 'રાસમાળા' ની સામગ્રી ભેગી કરવા માટે પર્યટન કર્યું તેમ જ શિક્ષણ અને નવજાગૃતિ સારુ ફૉર્બસે આદરેલા પુરુષાર્થમાં સહભાગી બન્યા.ઈ.સ.૧૮૫૪માં ફૉર્બસ ઈંગ્લૅન્ડ ગયા ત્યારે એમની ભલામણથી સાદરામાં સરકારી નોકરી સ્વીકારી. પરંતુ ઈ.સ. ૧૮૫૫માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મંત્રી કર્ટિસ સાહેબના સૂચનથી અને ફૉર્બસની વિનંતિને માન આપી સારા પગારવાળી સરકારી નોકરી છોડી અમદાવાદ પાછા આવી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને 'બુદ્ધિપ્રકાશ' માસિકની જવાબદારી સંભાળી હતી.ઈ.સ.૧૮૫૮માં 'હોપ વાચનમાળા' ની પુસ્તિકાઓ તૈયાર કરવામાં સરકારને મદદ કરી. તેમનું ઉપનામ 'ત્રવાડી' હતું. ગુજરાતી કવિતાને અર્વાચીનતાના વહેણમાં મૂકવામાં નર્મદની કવિતા જેટલી જ દલપતરામની કવિતા મહત્વની છે. એમની મોટા ભાગની કવિતા પ્રાસંગિક, દ્રષ્ટાંતાત્મક, ઉપદેશાત્મક, સુધારાવાદી વલણવાળી, શબ્દ અને અર્થની ચાતુરીવાળી, લોકગમ્ય, સભારંગની અને લોકપ્રિય બની. અર્વાચીન ગુજરાતી કવિતાનું પહેલું કાવ્ય 'બાપાની પીંપર' ૧૮૪૫ માં લખનાર આ કવિનું કાવ્યસર્જન વિપુલ છે. ગરબીપદ જેવી ટૂંકી રચનાઓથી માંડી મધ્યકાલીન આખ્યાન જેવી લાંબી રચનાઓની વચ્ચે અનેક નાનીમોટી કૃતિઓ એમણે રચી છે. ગ્રીક નાટ્યકાર એરિસ્ટોફેનિસના 'પ્લુટસ' પરથી રચાયેલું 'લક્ષ્મી નાટક' એમનું રૂપાંતરિત નાટક છે. એમનું, અલબત્ત, ચિરંજીવ નાટક 'મિથ્યાભિમાન' છે. સંસ્કૃત અને લોકનાટ્યની શૈલીના સમન્વયમાંથી રચાયેલા આ અભિનયક્ષમ પ્રહસનમાં જીવરામ ભટ્ટના પાત્ર દ્વારા મિથ્યાભિમાની માનસવાળાં મનુષ્યોની મજાક ઉડાવી છે 'સ્ત્રીસંભાષણ' , 'તાર્કિકબોધ' ,'દૈવજ્ઞદર્પણ', સંસ્મરણલેખો તેમની કૃતિઓ છે. એમણે 'ભૂતનિબંધ' , 'જ્ઞાતિનિબંધ' , 'પુનર્વિવાહપ્રબંધ' , 'શહેરસુધરાઈનો નિબંધ' વગેરે

સુધારાલક્ષી નિબંધો પણ લખ્યા છે. 'ગુજરાતી પિંગળ/'દલપતપિંગળ' અને 'અલંકારાદર્શ' એમના છંદ અને અલંકારની ચર્ચા કરતા ગ્રંથો છે. તેમનું ૨૫ માર્ચ ૧૮૯૮ના રોજ અમદાવાદમાં અવસાન થયું.


## આઝાદ હિન્દ ફોજના પ્રેરક – સુભાષચંદ્ર બોઝ



આઝાદ હિન્દ ફોજના સર્જક તથા ભારતના મહાન ક્રાંતિકારી નેતા શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ તા.૨૩/૧/૧૮૯૭નાદિવસે ઓરિસ્સાના કટકમાં થયો હતો. પિતાનું નામ જાનકીદાસ અને માતાનું નામ પ્રભાવતીદેવી હતું. તેમના પિતા બંગાળના અગ્રગણ્ય એડવોકેટ હતા અને માતા પ્રભાવતીદેવી દેશભક્તિની ભાવનાવાળા તેમ જ ધાર્મિકવૃતિના હતા. માતા પાસેથી તેમણે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રીયતાના પાઠ શીખ્યા હતા. માત્ર પાંચ વર્ષની વયે તેઓ શાળામાં ભણવા બેઠા હતા.વિધાર્થીતરીકે આચાર્ય વેણીમાધવદાસ નો જોરદાર પ્રભાવ પડ્યો હતો. વિશ્વના મહાન સ્વાતંત્ર્ય વીરોના જીવનચરિત્રના પુસ્તકોનું વાંચન કર્યું. ઈ.સ. ૧૯૨૦માંઆઈ.સી.એસ.પાસ કરી. તે પરતંત્ર ભારતમાં અંગ્રેજોની નોકરી સ્વીકારી કે દેશસેવાના કાર્યમાં જોડાઈને ભારતની સ્વતંત્રતા માટે અંગ્રેજો સામે લડવું એની મૂંઝવણ પછી નોકરીમાંથી રાજીનામું આપ્યું. તેમણે ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૪૧ સુધી ૨૦ વર્ષમાં ૧૧ વખત જેલવાસમાં ગયા. તેમણે 'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કરી બ્રિટીશ સરકારને હચમચાવી મૂકી હતી. તેઓ ' જાય હિંદ' શબ્દના પ્રણેતા અને મહાન દેશભક્ત હતા. " તુમ મૂઝે ખૂન દો, મૈ તુમ્હે આઝાદી દૂંગા" એ તેમનો પડકાર હતો. તેમની આઝાદી હિંદ ફોજમાં લગભગ ૩૦,000થી વધુ ભારતીય સ્વયંસેવકો જોડાયા હતા. તેમણે અને પંડિત જવાહરલાલ નેહરૂ સાથે મળીને યુવક કોંગ્રેસની સ્થાપના કરી હતી.


ભારતના કમનસીબે આ મહાન ક્રાંતિકારી નેતા ૧૮મી ઓગસ્ટ ૧૯૪૫ના દિવસે જાપાનના તાઈહોકુ ખાતે વિમાન તૂટી પડતાં તેમનું અવસાન થયું. આ અકસ્માતના સૌપ્રથમ સમાચાર ટોકિયોના રેડિયોએ ૨૩મી ઓગસ્ટ ૧૯૪૫ના રોજ પ્રસારિત કર્યા. માત્ર ૪૯ વર્ષની યુવાન વયે દેશનો જવલંત દીપક બૂઝાયો. ભારતના લોકો આ સમાચાર સાચા માનવા તૈયાર ન હતા. અને પરિણામે વર્ષો સુધી તેઓ જીવે છે અને મૃત્યુ પામ્યા નથી તેવો વિવાદ ચાલુ રહ્યો છે. સુભાષચંદ્ર બોઝને ચિત્તરંજન દાસ દ્વારા ' ધ યંગ ઓલ્ડમેન'નું બિરૂદ આપવામાં આવ્યું હતું.

## ૨૫ જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિવસ




ભારતીય ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી 1950ના રોજ કરવામાં આવી હતી. તેથી ભારત સરકાર દ્વારા 25 જાન્યુઆરીને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે 2011થી ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ દેશના નાગરિકોને મતદાન પ્રત્યે જાગૃત કરવાનો અને મતદાનની રાજકીય પ્રણાલીમાં જોડાવાનો છે. 25 જાન્યુઆરી 2011ના રોજ પૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના કાર્યકાળ દરમ્યાન રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. વર્ષ 2022માં રાષ્ટ્રીય મતદાતા દિવસની થીમ ' મજબૂત લોકશાહી માટે ચૂંટણી સાક્ષરતા' હતી.


## બાળ સાહિત્યકાર- રમણલાલ સોની



ગુજરાતી બાળસાહિત્યકાર અને અનુવાદકરમણલાલસોનીનો જન્મ તા.૨૫/૧/૧૯૧૮ના રોજ સાબરકાંઠા જીલ્લાના મોડાસા તાલુકાના કોકાપુર ગામમાં થયો. પિતાનું નામ પીતાંબરદાસ અને માતાનું નામ જેઠીબા હતું. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ મોડાસામાં લીધું. ઈ.સ. ૧૯૪૦માં આગ્રા યુનિવર્સિટીમાંથી બી.એ.પાસ કરી ઈ.સ. ૧૯૪૫માં બી.ટી. મોડાસા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નિમણૂક થઇ ત્યારપછી તેઓ ત્યાં આચાર્ય પણ થયા.ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૫૭ સુધી તેઓ મુબીની ધારાસભામાં મોડાસાનું પ્રતિનિધિત્વ કર્યું. સત્યાગ્રહની લડતમાં સક્રિયતા અને જેલગમન. ૧૯૪૫માં નોકરી છોડીને સાહિત્ય અને સમાજહિતનાં કાર્યોમાં વધુ સક્રિય. ખેડૂતો તથા હરિજનોના ઉદ્ધહાર માટે અનેક પ્રવૃત્તિઓનું સંચાલનની કામગીરી કરી. તેમનું ઉપનામ ' સુદામો' હતું. એમના બાળસાહિત્યમાં કલ્પના, વસ્તુ અને નિર્માણનું વૈવિધ્ય છે. 'શિશુકથા' , 'શિશુસંસ્કારમાળા' , 'ગલબા શિયાળનાં પરાક્રમો' , 'શિશુભારતી ગ્રંથમાળા' , 'ખવડાવીને ખાવું-જિવાડીને જીવવું' , 'ખાટી દ્રાક્ષ', 'પૂંછકટ્ટો', 'રોહંત અને નંદિય' , 'ધનોતપનોતની ધડાધડ', 'ભોળા ભાભા' , 'ચટકચંદ ચટણી' વગેરે તેમના મૌલિક અને અનુવાદિત બાળવાર્તાપુસ્તકો એમણે આપ્યાં છે. 'રામાયણ કથામંગલ' , 'ઉપનિષદ કથામંગલ' , 'ભાગવત કથામંગલ', 'રામરાજ્યના મોતી' વગેરે પુસ્તકોમાં પૌરાણિક વાર્તાઓને બાળભોગ્ય શૈલીમાં નિરૂપી છે.

'સિંહાસનબત્રીસી' , 'અરેબિયન નાઇટ્સની વાતો' , 'વીર વિક્રમ', 'ઇસપની બાલવાતો','છબીલો લાલ' , 'થાથા ! થેઈ ! થેઈ !' 'અમથો કારભારી ને ફૂલો ઠાકર' , 'ભગવો ઝંડો' અને 'બાલમંદિરનાં નાટકો' માં બાળમાનસમાં ઉચ્ચતર જીવનભાવનાનાં બીજ વાવે તેવી અભિનયક્ષમ નાટિકાઓ છે.'રમણ સોનીનાં બાળકાવ્યો'માં બાળકોને ગાવાં ગમે તેવા સરળ, પ્રેરક અને પ્રાસાદિક કાવ્યો-ગીતો છે. એમનાં અભિનય-ગીતો બાળકોની કલાભિરુચીને જાગ્રત કરે તેવાં છે. 'કિશોર રહસ્યકથામાળા' , 'ટાગોરની દ્રષ્ટાંતકથાઓ', 'કુમારકથા' વગેરે કિશોરો માટેના વાર્તાસંગ્રહો છે. 'જગતના ઇતિહાસની વીરકથાઓ' તથા 'પૂંછડિયાના પ્રદેશમાં'ની વાર્તાઓ બાળકોને શૂરવીર અને સાહસપ્રિય બનવા પ્રેરણારૂપ છે.'શંકરાચાર્ય' , 'શ્રી કેશવચંદ્રસેન','શ્રી દાદાભાઈ નવરોજજી', 'ગુરુદેવ રવીન્દ્રનાથ', 'આણદાબાવા' વગેરે ચરિત્રકૃતિઓ બાળકોની વૃત્તિઓને સંસ્કારે, કેળવે અને ઉદાત્ત બનાવે તેવી છે. 'અમૃતકથા' (૧૯૭૯)માં પ્રાચીન જાતકકથાઓ સંચિત થઈ છે. 'વિશ્વની લોકકથાઓ' (૧૯૮૨), 'પ્રબોધક કથાઓ' (૧૯૮૨) અને 'વિશ્વનો લોકકથાભંડાર' (૧૯૮૩)માં દેશપરદેશની લોકકથાઓ સંકલિત થઈ છે.એમના વાર્તાસંગ્રહ 'ચબૂતરો' ,'બ્રહ્મપુરીનો બ્રાહ્મણ' ચરિત્રાત્મક લાંબી વાર્તા છે. 'ગુજરાતનાં યાત્રાધામો' એમનું પ્રવાસપુસ્તક છે.'ભારતીય કથામંગલ'માં ઉપનિષદો, મહાભારત, રામાયણ, ભાગવત વગેરે સંસ્કૃત ગ્રંથોની પ્રસંગકથાઓનું લોકભોગ્ય શૈલીમાં આલેખન થયું છે. બાલસાહિત્ય ક્ષેત્ર તેમણે કરેલા યશસ્વી પ્રદાન માટે આવનારી અનેક પેઢીઓ સુધી તેઓ યાદ રહેશે. ઈ.સ.૧૯૬૬માં રણજીતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ.૧૯૮૬માં ગીજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે.


## ગુજરાતી કવિ કલાપી



યુવાન હૃદયના ભાવોને વ્યક્ત કરનાર ગુજરાતી કવિ કલાપી મૂળ નામ સૂરસિંહજી તખ્તસિંહજી ગોહેલનો જન્મ તા.૨૬/૧/૧૮૭૪ના દિવસે અમરેલી જીલ્લાના લાઠી ગામમાં રાજપરિવારમાં થયો હતો.ઈ.સ. ૧૮૮૨ થી ૧૮૯૦ સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રાથમિક શિક્ષણ, જે આંખોની તકલીફ, રાજકીય ખટપટો ને કૌટુંબિક કલશોને કારણે એ વખતના અંગ્રેજી પાંચમા ધોરણ આગળ અટક્યું. પિતા અને મોટાભાઈના અવસાનથી સગીર વયે જ ગાદીવારસદાર તરીકે તેમનો ૨૧ વર્ષની વયે ૨૧મી જાન્યુઆરી ૧૮૯૫ના દિવસે રાજ્યાભિષેક થયો. ઈ.સ.૧૮૮૯ માં રોહા કચ્છનાં રાજકુંવરી રમા સાથે લગ્ન કર્યાં. જે તેમનાથી આઠ વર્ષ મોટા હતા. કોઈ કારણસર મનમેળ ન હોવાથી આ જ વર્ષે આનંદીબા ઉર્ફે કેસરબા - કોટડા, સૌરાષ્ટ્રનાં રાજ કુંવરી સાથે લગ્ન કર્યાં.પરંતુ તેઓ દાસી તરીકે કામ કરતી મોંઘીથી પ્રભાવિત થયા. અને તેને ભણાવી ગણાવી, મોંઘીમાંથી 'શોભના' બનાવી. શોભના ત્યાં સુધીમાં કલાપીના હૃદયનો કબજો લઇ લીધો હતો. સામાજિક અને નૈતિક ધોરણો આ સ્વીકારવા તૈયાર ન હતા. શોભના વિના કલાપીનું મન અકારૂ લાગતું હતું. રમા સાથે આવેલી ખવાસ જાતિની દાસી મોંઘી (પછીથી શોભના) પર ઢળેલી વત્સલતા એને કેળવવા જતાં સધાયેલી નિકટતાને કારણે ગાઢ પ્રીતિમાં પરિણમી અને એમના આંતરબાહ્ય જીવનમાં ખળભળાટ મચી ગયો. ઘણા સાંસારિક, માનસિક, વૈચારિક સંઘર્ષોને અંતે એમણે ઈ.સ.૧૮૯૮માં શોભના સાથે લગ્ન કર્યું. ઋજુ અને સંવેદનશીલ પ્રકૃતિના આ કવિ પ્રાપ્ત રાજધર્મ બજાવવા છતાં રાજસત્તા અને રાજકાર્યમાં પોતાની જાતને ગોઠવી ન શક્યા. છેવટે ગાદીત્યાગનો દ્રઢ નિર્ધાર કરી ચૂકેલા કલાપીનું છપ્પનિયા દુકાળ વખતે ૯ જુન ૧૯૦૦ના રોજ લાઠીમાં અવસાન થયું.

પ્રેમ અને આંસુની વાત કરતી તેમની કવિતા ઠીક ઠીક લોકપ્રિય બની છે. માનવમાત્રને ચાહનાર કવિ કલાપીનું હૈયું કોમલ હતું. તેમણે પ્રકૃતિ. પ્રણય, પ્રભુભક્તિ એ તેમની કવિતાના પ્રિય વિષયો છે. તેમણે ઈ.સ.૧૮૯૨ થી ૧૯૦૦ સુધીની એમની સર્વ કાવ્યરચનાઓને સમાવતા સંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કાન્તને હાથે ૧૯૦૩ માં મરણોત્તર પ્રકાશન થયું હતું. આ આત્મલક્ષી કવિની લાગણીસભર રજૂઆતમાં પ્રયનું દર્દ, વિરહની વ્યથા , મિલનની ઝંખના વગેરે લાગણીસભર રજૂઆત પામ્યા છે. પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ , જગતની સ્વાર્થી રીતરસમો સામેનો આક્રોશ અને ઈશ્વર પ્રત્યેની ઊંડી શ્રધ્ધા તેમના માનીતા વિષયો છે. ઈ.સ.૧૮૯૨માં તેમને' કાશ્મીરનો પ્રવાસ' એક ગદ્યકૃતિ છે. તો કલાપીની પત્રધારામાં તેમના આંતરજીવનનું આલેખન છે.

## તપ:પૂર્ણ સારસ્વત – મુનિ શ્રી જિનવિજયજી




જૈન ધર્મ આચાર્યો તથા વિદ્વાનોએ પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપેલ છે. પ્રાચીન શિલાલેખ અને સિક્કાઓનું સંશોધન કરી ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન આપનાર મુનિ શ્રી જિનવિજયજીનો જન્મ તા.૨૭/૧/૧૮૮૬ના રોજ મેવાડના રૂપેલી નામના નાનકડા ગામમાં થયો હતો. તેમનું મૂળ નામ કિશનસિંહ હતું. પિતાનું નામ વૃધ્ધસિંહજી અને માતાનું નામ રાજકુંવરબા હતું. તેઓ

રાજપૂત વંશના હતા. તેઓ સુંદરવિજયજી પાસેથી દીક્ષા લઈને જિનવિજયજી બન્યા હતા.

મુનિ શ્રી જિનવિજયજી અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં પુરાતત્વ મંદિરની સ્થાપના કરી. અને સંશોધન ક્ષેત્ર ખૂબ જ મહત્વની કામગીર કરી હતી. ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરના નિમંત્રણથી શાંતિનિકેતન ગયા ત્યાં સિંધી જ્ઞાનપીઠ સ્થાપી જૈન પુરાતત્વ મંદિરની સ્થાપના કરી. ' પ્રબોધચિંતામણી ' તેમનું સંપાદન ગુજરાતના ઈતિહાસ વિશે ખૂબ જ સારી માહિતી પૂરી પાડે છે. તેમણે વીસેક ગ્રંથોનું સંપાદનની કામગીરી કરી છે. ભારતીય વિદ્યાભવનના નિયામકપદે પણ રહી ચૂક્યા છે. સિંધી ગ્રંથમાળા અને રાજસ્થાન પુરાતન ગ્રંથમાળામાં ૧૨૫ થી વધારે ગ્રંથો એમના મુખ્ય સંપાદન નીચે પ્રગટ થયા છે. તેઓ દેશપ્રેમી હતા. ધારસણાના સત્યાગ્રહમાં જોડીને તેમણે જેલવાસ પણ ભોગવ્યો હતો. આવા મહાન તપસ્વી પુરૂષ મુનિ શ્રી જિનવિજયજીનું ત્રીજી જુન ૧૯૭૬ના રોજ તેમનું અવસાન થયું.

## કવિ રાજેન્દ્રશાહ



" બોલવા તાણે હોઠ ખૂલે નહી,

નેણ તો રહે લાજી


આપણે એકબીજાના સંગમાં રાજી

રાજી "

ગુજરાતી જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ રાજેન્દ્રશાહનો જન્મ તા. ૨૮ જાન્યુઆરી ૧૯૧૩ના રોજ ખેડાના કપડવંજમાં થયો હતો.તેમના પિતાનુ નામ કેશવલાલ્ અને માતાનુ નામ લલિતાબેન હતુ.તેઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કપડવંજમાં લીધુ.પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ કપડવંજમાં. શાળા શિક્ષણ દરમ્યાન અંબુભાઈ પુરાણીની વ્યાયામપ્રવૃત્તિમાં અને ઈ.સ.૧૯૩૦માં અસહકારની લડતમાં જોડાયા. ઈ.સ ૧૯૩૪માં વડોદરા કૉલેજમાં જોડાઈ ફિલસૂફી વિષય સાથે બી.એ. થયા. અમદાવાદની શાળામાં નોકરી કરી.ત્યારપછી જ્યોતિસંઘમાં કામ કર્યું. ઈ.સ.૧૯૪૫માં મુંબઈ જઈ જંગલોમાં લાકડાં કાપવાનો કોન્ટ્રાક્ટ રાખતી કંપનીમાં નોકરી કરી.. ઈ.સ.૧૯૫૧થી ૧૯૫૫ સુધી કાગળનો વેપાર. ઈ.સ ૧૯૫૫માં 'લિપિની પ્રિન્ટરી' નામના પ્રેસનો પ્રારંભ કર્યો. બાલ્યાવસ્થા દરમિયાન માતાએ આપેલા સંસ્કાર,સત્યાગ્રહનુ આંદોલન,નોકરી નિમિત્તે થાણાનાજંગલોની પ્રકુતિનુ માણેલુચિત્ર તેમની સર્જનાત્મક પ્રવુતિમાપ્રેરક અને પોષક બની રહ્યા હતા. તેઓને ઈ.સ. ૧૯૪૭માં કુમાર ચંદ્રક,ઈ.સ.૧૯૫૬માં રણજીતરામ સુવર્ણ ચંદ્રક,ઈ.સ, ૧૯૬૧માં નર્મદ ચંદ્રક,ઈ.સ. ૧૯૬૪માં સાહિત્ય અકાદમી પુરસ્કાર,ઈ.સ. ૧૯૮૫માં નરસિંહ મેહતા પુરસ્કારઉપરાંત ઈ.સ. ૨૦૦૧માંતેમના કાવ્યસંગ્રહ ધ્વનિનેપુરસ્કારપણમળ્યોછે.તેમના કાવ્યસંગ્રહોમાં ' ધ્વનિ' , 'આંદોલન' , 'શ્રુતિ', 'મોરપિંછ', 'ચિત્રણા' , ' વિશાદને સાદ' , 'મધ્યમા' એમ કુલ ૧૯ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે.' ધ્વનિ' રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્યસંગ્રહ ઈ.સ,૧૯૫૧મા પ્રગટ થયો હતો.ગીતો,સૉનેટ,અંછાદસ,સંવાદકાવ્યો મળીને કુલ ૧૦૮ કાવ્યો સંગ્રહાયા છે.તેમના કાવ્યોમાં પ્રકુતિપ્રેમ,પ્રણયભાવ,ચિંતન,પ્રેમ વગેરે મુખ્ય વિષયો આલેખાયા છે. જીવનના અનેક રહસ્યમયરૂપોને તેમ જ સૌદર્યને ઝીણવટથી પોતાની રચનાઓમાં વ્યક્ત કરે છે. તેમણે એકાંકી વાર્તાઓ પણ આપી છે. ઇટાલીના

સ્શીત્યકાર દાન્તેની કૃતિ ' ડિવાઈન કોમેડી'નો તેમણે કરેલો અનુવાદ ખાસ નોંધપાત્ર છે. આંબે આવ્યો મોર' તેમનો બાળકાવ્યોનો ઉલ્લેખનીય કાવ્યસંગ્રહ છે. ' મધ્યમા' કાવ્યસંગ્રહ ને ઈ.સ ૧૯૪૭નો કુમારચંદ્રક, ઈ.સ.૧૯૫૬નો રણજિતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ.૧૯૬૩માં ' શાંત કોલાહલ' કૃતિને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એનાયત થયેલ છે. ઈ.સ.૧૯૯૨માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'ગૌરવ પુરસ્કાર', ઈ.સ.૧૯૯૯માં મૂર્ધન્ય સાહિત્યકાર સન્માન, તેમ જ ઈ.સ.૧૯૯૪માં નરસિંહ મહેતા ગૌરવ પુરસ્કાર. ૨00૧માં ભારતીય જ્ઞાનપીઠ એવૉર્ડથી સન્માનિત થયેલ છે. રાજેન્દ્રશાહનું સાતમી જાન્યુઆરી ૨0૧0ના રોજ અવસાન થયું.

## શાસ્ત્રીય ગાયકીના સરતાજ પંડિત જસરાજ



" હું માનું છું કે એ દરેક કલાકાર જે આ દેશમાં પેદા થયો અને જેને સંગીતમાં પોતાનું સ્થાન બનાવ્યું એનું સંગીતમાં એક મોટું યોગદાન હોય છે એ યોગદાન તો લોકો યોગ્ય રીતે જણાવી શકે છે, પરંતુ કલાકારે પોતાના યોગદાન વિષે જાણી નથી શકતો."

દેશના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયકીના સરતાજ પંડિત જસરાજ નો જન્મ હરિયાણાના ફતેહાબાદ જીલ્લાના પિલી મંડોરીન ગામમાં 28 જાન્યુઆરી ૧૯૩0ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ મોતીરામ પંડિત હતું. પંડિત જસરાજ ચાર વર્ષના હતા ત્યારે પિતાનું અવસાન થયું હતું. ત્યારબાદ મોટાભાઈ પંડિત મણીરામ પાસે તેમણે શરૂઆતની તાલીમ લીધી. તેમના યુવાનીના દિવસો હૈદરાબાદ અને સાણંદવચ્ચે વીત્યા હતા. તેમણે સંગીતની ખરી દીક્ષા અમદાવાદના સાણંદના ઠાકોર સાહેબ અને સંગીતના વિદ્વાન મહારાજા જયવંતસિંહજી બાપુ પાસેથી શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી અને તેમના સમક્ષ ગાતા હતા. તેમના મોટા ભાઈ નારાયણ પાસેથી તબલા વદનની તાલીમ પણ લીધી હતી. શરૂઆતમાં તેઓ ભાઈ અને ગુરૂ પંડિત મનીરામ સાથે ગાતા ત્યારબાદ તેમણે વ્યક્તિગત રજૂઆતની શરૂઆત કરી જતી.

પંડિત જસરાજ 14 વર્ષની વયે તેમની મેવાતી ઘરાનાની સઘન તાલીમ શરૂ થઇ હતી. તેમણે સંગીતની ખરી દીક્ષા અમદાવાદના સાણંદના મહારાજા જયવંતસિંહજી બાપુ પાસેથી લીધી હતી. 12 વર્ષની વયે પ્રથમ વખત કાઠમંડુમાં રાજા બીર બિક્રમ શાહના દરબારમાં સંગીતની પ્રથમ વ્યક્તિગત રજૂઆત કરી હતી. મેવાતી ઘારાનાના પંડિત જસરાજે વર્ષ 1962માં જાણીતા ફિલ્મ ડાયરેક્ટર વી. શાંતારામની પુત્રી મધુરા શાંતારામ સાથે લગ્ન થયા હતા. તેઓ શરૂઆતમાં કલકત્તામાં રહેતા અને રેડિયો માટે શાસ્ત્રીય સંગીત રજુ કરતા હતા ત્યારબાદ તેઓ મુંબઈમાં સ્થાયી થયા. પંડિત જસરાજ હવેલી સંગીતના ભજનો માટે ખાસ લોકપ્રિય હતા. મધુરાષ્ટક શ્રી વલ્લભાચાર્ય દ્વારા રચિત ભગવાન શ્રીકૃષ્ણની ખૂબ જ સુંદર સ્તુતિ તેમણે પોતાના સ્વરથી ઘેર-ઘેર પ્રચલિત કરી. 8 જાન્યુઆરી 2012માં એન્ટાર્કટિકાની કિનારે ' સી સ્પ્રિટ 'નામના ક્રુઝ પર ગાયકી કાર્યક્રમ પેશ કર્યો હતો.

પંડિત જસરાજને દેશ અને વિદેશોમાં અનેક સન્માન પ્રાપ્ત થયા હતા. ભારત સરકારે 1990માં પદ્મ ભૂષણ, 2000માં પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા હતા. 1987માં સંગીત નાટક અકાદમી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઇન્ટરનેશનલ એસ્ટ્રોનોમીકલ યુનિયન દ્વારા ગુરું અને મંગલ વચ્ચે આવેલા એક લઘુ ગ્રહ 300128ને પંડિત જસરાજનું નામ આપવામાં આવ્યું. આ સન્માન પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ

ભારતીય કલાકાર હતા. 23 સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ પંડિતજીને નાસા દ્વારા 2006માં શોધાયેલા આ ગ્રહ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. જાન્યુઆરી 2020માં સપ્તક સમારોહમાં પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે સંગીતપ્રસ્તુતિ આપી હતી, સપ્તક પરિવાર દ્વારા તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સૂર સમ્રાટ પંડિત જસરાજનું 17 ઓગસ્ટ 2020ના રોજ અમેરિકાના ન્યૂજર્સીમાં હૃદયરોગના હુમલાને કારણે 90 વર્ષની વયે અવસાન થયું.


## શહીદ પંજાબ કેસરી-લાલા લજપતરાય



ભારતનામહાન સમાજસુધારક અને 'પંજાબ કેસરી',' પંજાબના ટાઈગર' તરીકે ઓળખાતા લાલા લજપતરાયનો જન્મ તા. ૨૮/૧/૧૮૬૫ના દિવસેપંજાબ રાજ્યમાં આવેલાલુધિયાણામાં થયો હતો. તેમના પિતા લાલા રાધાકિશન આઝાદ જેઓ સરકારી સ્કુલમાં ઉર્દૂ શિક્ષક હતા. માતા ગુલાબદેવી ધાર્મિક મહિલા હતા. લજપતરાય બાળપણથી જ ખૂબ જ બુધ્ધિશાળી હતા. ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં તેમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ઈ.સ.૧૮૮૦માં તેઓ કલકતા યુનિવર્સીટી અને પંજાબ યુનિવર્સીટી પ્રવેશ પરીક્ષા પાસ કરી લાહોર સરકારી કોલેજમાં કાયદાના અભ્યાસ માટે પ્રવેશ મળ્યો પરંતુ ઘરની પરિસ્થતિ ઠીક ન હોવાથી બે વર્ષ અભ્યાસથી વંચિત રહ્યા. ઈ.સ. ૧૮૮૫માં તેમણે વકીલાતની પરીક્ષા પાસ કરી અને પ્રેક્ટીસ શરૂ કરી. પ્રક્તીસની સાથે સાથે તેઓ આર્યસમાજના સક્રિય કાર્યકર પણ રહ્યા હતા. પરંતુ એમણે કેટલાક સમય સુધી હરિયાણા રાજ્યમાં આવેલાં રોહતકઅને હિસાર શહેરોમાં વકીલાત પણ કરી હતી. ત્યારબાદ તેઓ દેશની આઝાદી માટેની ચળવળમાં સામેલ થઇ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉગ્ર દળના અગ્રિમ હરોળના નેતા બન્યા હતા. બાલ ગંગાધર તિલક અને બિપિનચંદ્ર પાલની સાથે એમને લાલ-બાલ-પાલના નામ વડે ઓળખાવા લાગ્યા હતા. આ નેતાઓએ સૌથી પહેલાં ભારત દેશની સંપૂર્ણ સ્વાતંત્રતા માટેની માંગ ઉઠાવી હતી. એમને પંજાબ કેસરી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે પંજાબ નેશનલ બેંક અને લક્ષ્મી વીમા કંપનીની સ્થાપના પણ કરી એમણે સ્વામી દયાનન્દ સરસ્વતી સાથે મળીને આર્ય સમાજને પંજાબમાં લોકપ્રિય બનાવ્યો હતો.ઈ.સ. ૧૮૬૫માં પુનામાં ફાટી નીકળેલ પ્લેગ, દુષ્કાળ સમયે અનાથ પીડીતને દુઃખી ભાઈભાંડુ ને તેમણે સક્રિય મદદ કરી. ઈ.સ. ૧૯૦૪માં કોંગ્રેસ અધિવેશનમાં તિલક અને ગોખલેનો ભેટો થયો ત્યારપછી તે મુલાકાત કાયમી બની ગઈ હતી. અને તેઓ લાલ,બાલ અને પાલની ત્રિપુટી તરીકે સુવિખ્યાત થયા. તેમણે આપેલા સ્વરાજ્ય, સ્વદેશી અને બહિષ્કાર આંદોલન દેશભરમાં આ ત્રીમૂર્તીએ ગૂંજતા કર્યા. તેમણે ' ગોરી બાલડી',' છત્રપતિ શિવાજી','શ્રધ્ધાનાન્દજી','શ્રી કૃષ્ણ' એમ કુલ ચાર પુસ્તકો પ્રગટ કર્યા છે. તેમણે ' પંજાબ કેસરી' મુખપત્ર દ્વારા અંગ્રેજોની ઝાટકણી કાઢી. ઈ.સ. ૧૮૯૫માં તેમના સહયોગથી પંજાબ નેશનલબેંક' અને ' લક્ષ્મી ઇન્સ્યોરન્સ કંપનીની સ્થાપના કરી. ત્રીસમી ઓક્ટોબર ૧૯૨૮માંએમણે લાહોરમાં સાયમન કમીશન વિરુદ્ધ એક પ્રદર્શનમાં ભાગ લીધો, જે દરમિયાન કરવામાં આવેલા લાઠી-ચાર્જમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ સમયે એમણે કહ્યું, "મારા શરીર પર પડેલ લાઠીનો એક એક ફટકો બ્રિટિશ સરકારના કોફીન પર એક એક ખીલાનું કામ કરશે" અને આમ જ થયું. તેમના મૃત્યુના ૨૦ વરસમાં જ

બ્રિટિશ સામ્રાજ્યનો અંત થયો. સાઈમાં કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસ લાઠી ચાર્જ ના કારણે સત્તરમી નવેમ્બર ૧૯૨૮ના રોજ આ એમનું અવસાન થયું હતું.

## જયશંકર'સુંદરી'



ગુજરાતી રંગભૂમિના મહાન નાટ્યકાર અને આત્મકથાકાર જયશંકર ભૂધરદાસભોજકનો જન્મ તા, ૩૦/૧/૧૮૮૯ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગરમાંભોજક જ્ઞાતિમાં થયો હતો. ભોજક જ્ઞાતિ તે જમાનામાં મૂર્તિપૂજક જૈનોની આશ્રિત હતી. તેમના પિતા ત્રિભુવનદાસ ગાયક હતા. બાળપણથી જ નાટકની રઢ લાગતા ભણતરમાં એમનો જરાય રસ નહીં. નવ વર્ષની વયે હઠાગ્રહ કરીને એમણે નાટકમાં એ જમાનામાં અનેક મુસીબતો વેઠીને અભિનય તાલીમ શીખી લઈને, એમણે નાટકમાં નાની-મોટી ભૂમિકા ભજવવા માંડી. ૧૨ વર્ષની ઉંમરે સૌ પ્રથમ સ્ત્રીની ભૂમિકા કરી, તે બદલ તેમની એટલી તો વાહ વાહ થઈ ગઈ કે તે નાટકે તેને 'સુંદરી' ઉપનામ આપ્યું.માત્ર બે ધોરણ સુધીનો અભ્યાસ કર્યો.ઈ.સ.૧૮૯૮-૧૯૦૧ દરમિયાન કલકત્તાઉર્દૂ નાટક મંડળીમાં જોડાયા. તેમણે મુબઈમાં પ્રખ્યાત ' ગેઈટી થિયેટર્સ' તરફથી તેમને ' સૌભાગ્ય સુંદરી ' નાટકનો પ્રથમ શો ભજવ્યો હતો. તેમના આ સ્ત્રી પાત્ર પ્રેક્ષકો ગાંડા થઇ ગયા. જયશંકરના ભાગ્યમાં નમણાંદેહ, વર્ણ અને લાલિત્યને કારણે સ્ત્રીની ભૂમિકા જ કરી. ' કામલતા' નાટકમાં 'કામલતા', ' કૃષ્ણચરિત' નાટકમાં ' રાધા', 'નૂરજહાં'માં 'નૂરજહાં' અને 'સૌભાગ્ય સુંદરી' નાટકમાં ' સુંદરી' સ્ત્રી પાત્ર ભજવ્યા હતા. સ્ત્રી પાત્રોના અભિનયથી ' સુંદરી' એમની સમાજે આપેલ અટક બની ગઈ.ઈ.સ.૧૯૦૧-૧૯૩૨ દરમિયાનમુંબઈ ગુજરાતી નાટક મંડળી સાથે સંકળાયેલા રહ્યા. ઈ.સ.૧૯૪૮ થી ૧૯૬૨ સુધી અમદાવાદમાંરંગભૂમિની આબોહવા સર્જવા સક્રિય બન્યા.ઈ.સ.૧૯૬૪માં મુંબઈમાં મળેલા ગુજરાતી સાહિત્યપરિષદના બાવીસમા અધિવેશનમાં કળા વિભાગના પ્રમુખ બન્યા.ઈ.સ.૧૯૫૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક,ઈ.સ.૧૯૫૭માં રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક અને ઈ.સ. ૧૯૭૧માં પદ્મભૂષણનો ઇલ્કાબ એનાયત થયેલ છે.. થોડાં આંસુ : થોડાં ફૂલ (૧૯૭૬) : ગુજરાતીરંગભૂમિના પ્રસિદ્ધ અદાકાર જયશંકર 'સુંદરી'ની આત્મકથા છે. તેમની આત્મકથા 'થોડાં આંસુ, થોડાં ફૂલ'માં છેલ્લા સો વર્ષના ગુજરાતી રંગભૂમિ અને નાટ્યસ્થિતિને સમજવા માટે મહત્ત્વ ધરાવે છે. માત્ર 'મેના ગુર્જરી'માં પિતાની ભૂમિકા ભજવવા સિવાય બધા જ નાટકોમાં એમણે સ્ત્રીપાત્ર ભજવ્યું હતું. ઈ.સ ૧૯૫૨માં રણજીતરામ સુવર્ણચંદ્રક,ઈ.સ.૧૯૫૭માં રાષ્ટ્રપતિના હસ્તે ' રંગમંચ માટેનો શ્રેષ્ઠ ચંદ્રક એનાયત થયેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકારે પણ તેમનું સન્માન કરેલ છે. ઈ.સ. ૧૯૬૪માં ગુજરાતી સાહિત્ય પરિષના કલાવિભાગના પ્રમુખ તરીકે નિમણૂક થઇ. તમને વિસનગરમાં સાહિત્ય ક્લામંડળની સ્થાપના કરી. તા. ૨૧/૧/૧૯૭૫ની સાંજ ઢળતા ગુજરાતી રંગભૂમિનો આ વિખ્યાત કલાકારનું અવસાન થયું. રંગભૂમિના સામાન્ય અપલક્ષણોથી દૂર રહી જયશંકરે હંમેશાં સાત્વિક જીવનકલાની ઉપાસના કરી નાટ્યપ્રવૃતિને જીવંત રાખવા પ્રયત્નશીલ રહ્યા.

www.gnanbhandar.com

## મહાન રસાયણશાસ્ત્રી ઇરવિંગ લેન્ગમૂર

મહાન રસાયણશાસ્ત્રી ઇરવિંગ લેન્ગમૂરનો જન્મ તા. ૩૧/૧/૧૮૮૧નાં રોજ ન્યુયોર્કમાં બુક્લીનમાં થયો હતો. ઇરવિંગ લેન્ગમૂરના મોટાભાઈ એક ઉદ્યોગમાં રસાયણશાસ્ત્રી હતા. આથી આ ક્ષેત્રમાં ઇરવિંગ લેન્ગમૂરનાં જ્ઞાનમાં વધારો કર્યો. તે રસાયણશાસ્ત્ર અને કલનગણિત માં પણ નિષ્ણાત બની ગયા. તેમણે વિજ્ઞાનના અને સામયિકો અને ગ્રંથો વાંચવાનો ખુબ જ શોખ હતો. ૧૭ વર્ષની નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી હતી. ઈ.સ. ૧૮૯૯ માં ઇરવિંગ લેન્ગમૂર કોલંબીયા કોલેજમાં પ્રવેશ મેળવી ત્યાં તેમણે ખાન ઉદ્યોગને લગતી વિશિષ્ઠ તાલીમ લીધી. ત્યારપછી એઓ જર્મનીમાં ગોતીજન યુનિવર્સિટીમાં ત્રણ વર્ષનો અભ્યાસ કર્યો. ટેકનીકલ ઇન્સ્ટિટયૂટમાં શિક્ષક તરીકે જોડાયા.આથી ઉનાળુ વેકેશન દરમ્યાન સંશોધનકાર્ય કરવાની તક મળી. તેમણે વીજળીના ગોળામાં વપરાતા ટંગસ્ટનના તાર અને વિસ્તૃત અભ્યાસ કરવાની તક સાંપડી. તેમણે સ્પેશિયલ મરક્યુરી વેપર પંપની પ્રયુક્તિ શોધો કાઢી હતી. જે દ્વારા બલ્બનો વાયુ ખંચી લઇ તેમાં સંપૂર્ણ અવકાશ ઉત્પન્ન કરી શકાયો.આ ઉપરાંત તેમણે એ પણ શોધી કાઢું કે આર્ગોન જેવા કેટલાય અક્રિય વાયુઓ ગરમ  ટંગસ્ટન સાથે કોઈ પ્રક્રિયા કરતા નથી. આથી ટંગસ્ટન તારનું આયુષ્ય ઘણું વધારી શકાય છે.

ઇરવિંગ નોધ્યું કે અતિ ઉચ્ચ તાપમાને એટલે કે ઉદ્દીપ્ત ટંગસ્ટન તંતુઓમાંના તાપમાને હાઇડ્રોજનના અણુંઓને તોડી એમાંથી પરમાણુ ઉત્પન્ન કરી શકાય છે. તત્વોના ન્યુકિલયરમાં પ્રોટોન સંખ્યા એકસરખી પરંતુ ન્યૂટ્રોનની સંખ્યા જુદી જુદી હોઈ છે. આ હકીકતને માન્યતા મળી ગઈ અને આ સંશોધન બદલ ઈ.સ.૧૯૩૨માં રસાયણશાસ્ત્રનું નોબલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે.

www.gnanbhandar.com